
# સાબરકાંઠા-બનાસકાંઠામાં સજ્જડ બંધ



હિંમતનગર

હિંમતનગર, તા.૨૦

ડીઝલની કિંમતમાં ભાવવધારો, સબસીડીવાળા, એલપીજી ગેસની સંખ્યા મર્યાદિત કરવા અને રીટેલમાં એફડીઆઈના વિરોધમાં વિરોધ પક્ષો દ્વારા ગુરુવારના રોજ ભારતબંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેના પગલે સાબરકાંઠા જિલ્લાના તેર તાલુકામાં પ્રજાએ જડબે સલાક બંધ પાળી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર સહિત મોડાસા, માલપુર, મેઘરજ, બાયડ, ધનસુરા, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર ખાતે આવેલ તમામ શાળાઓ કોલેજો બંધ રહી હતી તેની સાથે બજારો પણ બંધ રહ્યા હતા. ટ્રક ટ્રાન્સપોર્ટ એસો.એ પણ બંધને સમર્થન આપી ટ્રકોના પૈડા થંભાવી દીધા હતા. સાબરકાંઠા જિલ્લા સી.પી.એમ. પક્ષના કાર્યકરોએ મુખ્ય મથક હિંમતનગર શહેરના સિવિલ સર્કલ પાસે કેન્દ્ર સામે વિરોધ કરી રસ્તા રોકતા ૧૮ જણાને હિંમતનગર ટાઉન પોલીસે ડીટેઈન કર્યા હતા. બંધના એલાનને પગલે ગ્રામ્ય પ્રજાએ શહેરોમાં આવવાનું ટાળતા હંમેશા લોકોથી ધમધમતા જિલ્લાનું મથક હિંમતનગર અને દરેક તાલુકા મથકોની કચેરી બેંકો સુમસામ ભાષી રહી હતી અને માર્ગો પર ચાલતા ટ્રકો અને જીપો બંધ થતા સુમસામ ભાસતા હતા. બંધ દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો અને કોઈ પણ અનિચ્છનીય બનાવની ઘટના બની ન હતી.

કેન્દ્રની યુપીએ સરકાર દ્વારા ડીઝલ અને ગેસના ભાવ વધારા તેમજ એફડીઆઈના મુદ્દે ભાજપ દ્વારા ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેમાં સવારથી જ શહેર જડબેસલાક બંધ રહેવા પામ્યું હતું. ત્યારે કેટલીક દુકાનો ચાલુ હતી તેને બંધ કરાવવા માટે ડીસા શહેર ભાજપની ટીમ બજારમાં નિકળી હતી. તેમણે વેપારીઓને દુકાનો બંધ રાખવા માટે અપીલ કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા ડીઝલ અને ગેસના ભાવ વધારાને કારણે પ્રજાજીવનને મોટી અસર પડી છે. આ ભાવ વધારાને લઈ યુપીએના સાથી પક્ષ તૃણમૂલ કોંગ્રેસે પણ ટેકો પાછો ખેંચી લીધો છે ત્યારે વિરોધ પક્ષ ભાજપ ભાવવધારાની ઉગ્ર ટીકા કરી તેને વખોડ્યો હતો. જેમાં ડીસા શહેર ભાજપ દ્વારા પણ ડીસા શહેર બંધનું એલાન આપ્યું હતું. તેને સફળ બનાવવા માટે ભાજપાના કાર્યકરો શશીકાંત પંડ્યા, મગનલાલ માળી સહિત અગ્રણીઓ હાજર રહ્યા અને તમામ દુકાનો બંધ કરાવી હતી.



(ડીસા)

(તસવીર - કાન્તીલાલ લોધા, ડીસા)

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ડીઝલના ભાવમાં કરાયેલા અસહ્ય વધારાના વિરોધમાં ભાજપ દ્વારા ગુરૂવારે બંધનું એલાન આપ્યું હતુ. જેના ભાગરૂપે ખેડબ્રહ્મા શહેર સંપૂર્ણ બંધ પાળ્યો હતો. ખેડબ્રહ્મા ભાજપ દ્વારા એક રેલી યોજી ભાવ વધારાનો વિરોધ કર્યો હતો.



ખેડબ્રહ્મા

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ડીઝલની કિંમતમાં કમરતોડ ભાવ વધારો તેમજ એફ.ડી.આઈ.ના નિવેશના કારણે ભારત બંધના એલાનમાં પ્રાંતિજ શહેરે સજ્જડ બંધ પાળી વિરોધ પ્રદર્શન કર્યો હતો અને કેન્દ્રની સરકાર ઉપર રોષ ઠાલવી સંયુક્ત રીતે સ્વયંભુ બધમાં જોડાયા હતાં.



પ્રાંતિજ

(તસવીર : સંજય રાવલ)

આજે કેન્દ્રની યુ.પી.એ. સરકારે કરેલ ભાવવધારો, રીટેઈલ માર્કેટમાં વિદેશી કંપની, ડીઝલ-ગેસના કકળાટ સામે ભારત બંધના એલાન મુજબ આજે બનાસકાંઠાના વડામથક પાલનપુરમાં મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો. ભાજપના જિ.પ્રમુખ ડો. મોગરાની આગેવાની હેઠળ કાર્યકર્તા પાલિકાના પ્રમુખ હર્ષા મહેશ્વરી, સદસ્યો, તથા અન્ય લોકો બજાર બંધ કરાવવા અને ચક્કાજામ કરવા રેલી કાઢી હતી. શાળા-કોલેજો બેંકો રાબેતા મુજબ ચાલુ રહેતા બપોર બાદ અમુક વિસ્તારો ચાલુ થઈ ગયેલ. પોલીસે પણ કડક બંદોબસ્ત ગોઠવી સંઘર્ષને ટાળવા સક્રીય કામગીરી કરી હતી. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.



પાલનપુર

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



શિહોરી

(તસવીર : રામજીભાઈ રાયગોર)

ડીઝલમાં ભાવવધારો અને રાંધણગેસના સિલિન્ડરનું રેશનીંગ અને એફડીઆઇના યુપીએ સરકારના નિર્ણયના વિરોધમાં ભારત બંધના અપાયેલા એલાનના પગલે આજે અમદાવાદ શહેરમાં બંધ શાંતિપૂર્ણ સફળ રહ્યો હતો. મોટાભાગની દુકાનો અને ખાનગી ઓફીસો બંધ રહી હતી. ભારત બંધ એલાનના પગલે આજે સવારથી શહેરના મોટાભાગના વિસ્તારોમાં દુકાનો બંધ રહી હતી. આ ઉપરાંત ભાજપના કાર્યકરો ઠેકઠેકાણે ખુલ્લી દુકાનો બંધ કરાવવા નીકળ્યા હતા. સવારે થોડો-ઘણો ટ્રાફીક રસ્તા પર જોવા મળતો હતો તે ક્રમશઃ ઓછો થઇ ગયો હતો. શહેરના સી.જી. રોડ અને આશ્રમ રોડ પર મોટાભાગના શોપિંગ કોમ્પ્લેક્સ અને દુકાનો શો રૂમ બંધ રહ્યા હતા. આવી જ સ્થિતિ મહદઅંશે અન્ય વિસ્તારોમાં જોવા મળી હતી. મણિનગરમાં ભાજપના કાર્યકરોએ માલગાડી અટકાવી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરીમાં આજે પાંખી હાજરી જોવા મળી હતી. મોટાભાગના કોર્પોરેટરો ગેરહાજર રહ્યા હતા. ગુરુકુલ વિસ્તારમાં એક દુકાનદારે દુકાન બંધ કરવાની ના પાડતાં કાર્યકર ઉશ્કેરાઇ ગયો હતો અને તેણે દુકાનદારને લાફો મારી દીધો હતો. અ.મ્યુ.ટ્રા. સર્વિસના ચેરમેન અમિત શાહે જણાવ્યું હતું કે, આજે ભારત બંધનું એલાન હતું પરંતુ સવારની પાળીમાં ૫૮૦ બસો રોડ ઉપર મુકવામાં આવી હતી. પરંતુ ૧૦,૦૦ વાગ્યા પછી બાપુનગર ચાર રસ્તા, પાલડી, પલ્લવ સોસાયટી, મણીનગર ચાર રસ્તા, વિવેકાનંદનગર, દિલ્હી દરવાજા, આબાદ ડેરી, સીંગરવા સ્ટેન્ડ ઉપર બસો રોકવામાં આવી હતી. અને પેસેન્જરોને ઉતારી દેવામાં આવ્યા હતા. રખિયાલ ચાર રસ્તા, ભૂયંગદેવ, પારસનગર વિગેરે જગ્યાએ બસોના કાચ તોડી નાખવાની ઘટનાઓ બની છે. બપોર બાદ પ્રવાસીઓના જાનમાલને નુકસાન ન થાય તે માટે બસો પાછી ખેંચી લેવામાં આવી છે. બંધને કારણે એએમટીએસ અને બીઆરટીએસની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. એએમટીએસની દૈનિક સરેરાશ આવક રૂા. ૩૫ લાખ છે જે આજે ઘટીને રૂા. ૧૦ લાખ થઇ હતી. બીઆરટીએસની દૈનિક સરેરાશ આવક રૂા. ૯.૫૦ લાખ છે જે આજે ઘટીને રૂા. ૩.૫૦ લાખ થઇ હતી. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશના ઉપાધ્યક્ષ કૌશિક પટેલ અને શહેર પ્રમુખ રાકેશ શાહે એનડીએ તથા અન્ય વિપક્ષો દ્વારા આજે ભારત બંધનું એલાન અપાયું હતું જે અમદાવાદમાં સંપૂર્ણ સફળ રહ્યું હતું. મણીનગર ખાતે ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા અને રાજ્યસભાના સાંસદ સ્મૃતિ ઇરાની અને મેયર અસિત વોરાની આગેવાનીમાં કેન્દ્રની કોંગ્રેસ સરકારની પ્રજા વિરોધી નીતિ સામે આક્રોશ વ્યક્ત કરવા દેખાવો યોજાયા હતા.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮